FRIDAY 23•01•2015

### ગઈકાલે રાત્રે ખેડૂતે ખેતરમાં ઝેરી દવા ગટગટાવી

# અમરેલીમાં કપાસની આગમાં વધુ એક ખેડૂત યુવાન હોમાયો

## ■ અમરેલી યાર્ડમાં કપાસનો ભાવ મણનો ૬૫૦ સુધી ગગડ્યો!

અમરેલી, તા.૨૨

કપાસના ભાવ મુદ્દે ખેડૂતો દ્વારા લાંબા સમયથી લડત ચાલી રહી છે પણ સરકારને તેનાથી કોઈ ફરક પડતો ન હોય તેમ કપાસના ભાવ વધવાને બદલે ગગડતા જાય છે. ભાવો ન મળતા વધુ એક ખેડૂતનો કપાસની હોળીમાં ભોગ લેવાયો છે. આર્થિકભીંસમાં આવી ગયેલા ભાડિયા ગામના યુવાને ગતરાત્રીએ ખેતરે જઈ ઝેરી દવા પીને મોતની નિંદમાં પોઢી ગયો હતો.

હાલમાં કપાસના ભાવ પણ ૮૦૦ રૂપિયાને સ્થાને ૬૫૦ રૂપિયે ગાંસડી થઈ ગયો છે. ધારી તાલુકાના ભાડેર ગામના ૩૫ વર્ષીય ખેડૂત યુવાન મુકેશભાઈ મગનભાઈ ચોવટિયાને પણ આર્થિક ચિંતા સતત સતાવતી હતી. એકતરફ દેવુ કરી વાવણી કરી તો ઉત્પાદન ઓછું આવ્યુ હતુ. ગતરાત્રીએ આ યુવાન ખેતરે ગયો અને ઝેરી દવા પી સૂઈ ગયો હતો. બીજે દિવસે સવારે ૯ કલાકે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે જઈ તપાસ કરી હતી.

પોલીસે આ બાબતે જણાવ્યુ કે મૃતકે કપાસ તેમજ અન્ય શિયાળું પાકનું વાવેતર કર્યુ હતુ પણ કપાસનુ ઉત્પાદન ઓછું ઊતરતા અને ભાવ પણ ન વધતા દેવામાં ડૂબેલો હતો જે દરમિયાન તેણે આ પગલું ભરી લીધુ હતુ. કપાસની આગમી હોમાઈ ગયેલા મુકેશને ત્રણ સંતાનો છે જેણે નાની ઉંમરમાં જ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે.

## ધારીના ભાડેરમાં બીજી આપઘાતની ઘટના

ધારીના ભાડેરમાં ૧૬ નવેમ્બર ૨૦૧૨ના રોજ કલ્પેશ દેવશી વોરા નામના ૩૫ વર્ષીય ખેડૂતે આપઘાત કર્યો હતો. પોલીસે ત્યારે જાહેર કર્યું હતુ કે મૃતકનો ૧૪ વીઘાનો પાક નિષ્ફળ જતાં પગલું ભર્યું હતું.

## બલિદાન એળે નહીં જાય : પૂર્વ સાંસદ ઠુંમર

અમરેલીના પૂર્વ સાંસદ અને કોંગી નેતા વિરજી ઠુંમરે આક્રોશ ઠાલવ્યો હતો કે ભાજપના રાજમાં કપાસના ભાવ કથળતા ખેડૂતોને આપઘાત કરવાનો વારો આવ્યો છે પણ ખેડૂતોનું આ બલીદાન એળે નહીં જાય.

